૨૫

અતિ પછાત જાતિ વિકાસ બોર્ડની
રચના બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક : અવક/૧૦૯૮/૨૨૦૧/૪,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૪/૧૨/૨૦૦૮.

વંચાણમાં લીધા :- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૯/૦૯/૨૦૦૧ના ઠરાવ ક્રમાંક :- અવક/૧૦૯૮/૨૨૦૧/૪.

સુધારા ઠરાવ :-

આ વિભાગના ઉપર વંચાણમાં લીધેલ તા.૨૯/૦૯/૨૦૦૧ના ઠરાવથી આ બોર્ડનું કાર્યક્ષેત્ર " અનુસૂચિત જાતિ પૈકીની સફાઇ કામદાર / વાલ્મિકી જાતિ સિવાયની અતિ પછાત જાતિઓ તરીકે સમાવિષ્ટ થયેલ તમામ જાતિઓ અને પેટા જાતિઓના સભ્ય પૂરતું મર્યાદીત રહેશે " તેમ ઠરાવવામાં આવેલ છે. આથી હાલની આ જોગવાઇ મુજબ સફાઇ કામદાર / વાલ્મિકી જાતિનાં ભાઇ-બહેનો આ બોર્ડના કાર્યક્ષેત્રમાં આવતાં નથી.

હવે સરકારશ્રીએ કાળજીપૂર્વકની પુખ્ત વિચારણાને અંતે, વાલ્મિકી જાતિનાં ભાઇ-બહેનોને પણ અતિ પછાત જાતિ વિકાસ બોર્ડની યોજનાઓનો લાભ આપવા અંગે વિચારણા કરેલ છે અને એમ ઠરાવેલ છે કે સફાઇ કામદારો અને તેમના આશ્રિતો સિવાયનાં વાલ્મિકી જાતિનાં ભાઇ-બહેનોને અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાની યોજનાઓનો લાભ અતિ પછાત જાતિ વિકાસ બોર્ડ દ્વારા આપવામાં આવશે. સફાઇ કામદારો અને તેમનાં આશ્રિતોને ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ દ્વારા યોજનાઓનો લાભ આપવામાં આવશે.

ગુજરાત રાજયના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શામજીભાઇ પટેલ)
સંયુક્ત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા),
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર,

// ૨ //

- માન. મંત્રીશ્રી, (સામાજિક ન્યાય અને અધિકારીતા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર,
- સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર,
- સર્વે રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવ, સચિવાલય, ગાંધીનગર,
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર,
- સચિવાલયના સર્વે વિભાગો,
- નાણા સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (અનુ. જાતિ કલ્યાણ પ્રભાગ) સચિવાલય, ગાંધીનગર,
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ,
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર,
- નિવાસી ઓડીટ અધિકારી, ગાંધીનગર,
- તિજોરી અધિકારી, ગાંધીનગર,
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર,
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર,
- સચિવશ્રી, બેચર સ્વામી અતિ પછાત જાતિ વિકાસ બોર્ડ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર,
- નિયામકશ્રી, રોજગાર અને તાલીમ, ગુજરાત રાજ્ય, અમદાવાદ,
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર,
- સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી, વર્ગ-૧,
- સર્વે સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત),
- સર્વે જિલ્લા મેનેજર, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન મારફતે
- સર્વે ખાતાના વડાઓ / બોર્ડ- નિગમ,
- વિભાગની સર્વે શાખાઓ,
- નાયબ સેકશન અધિકારીની સિલેક્ટ ફાઇલ,
- શાખા પસંદગી ફાઇલ.